# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી શત્રુંજય મુક્તિ

સા વિદ્યા યા વિમુક્તયે

સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

## તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૩**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,
શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી M.sc., Ph.D.**

*સૌજન્ય* : **સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## નમિઊણ સ્તવ (ચાલુ)

**એવં મહાભયહરં, પાસજિણિંદસ્સ સંથવમુઆરં;**
**ભવિયજણાણંદયરં, કલ્લાણ પરંપર નિહાણં...૧૯**
**રાયભય જક્ખ રક્ખસ, કુસુમિણદુસ્સઉણરિક્ખપીડાસુ;**
**સંજ્ઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ....૨૦**
**જો પઢઈ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણતુંગસ્સ;**
**પાસો પાવં પસમેઉ સયલભુવણચ્ચિયચલણો...૨૧**

**શબ્દાર્થ :-**

**એવં** -એવી રીતે
**મહાભયહરં** - મોટો ભય હરનાર
**પાસજિણિંદસ્સ** -શ્રી પાર્શ્વ જિનેંદ્રનું
**સંથવં** -સ્તવન
**ઉઆરં** -ઉદાર છે
**ભવિયજણ** -ભવિક જનને
**આણંદયરં** -આનંદ કરનારું
**કલ્લાણ** -કલ્યાણની
**પરંપર** -પરંપરાનાં
**નિહાણં** -કારણરૂપ છે
**રાયભય** -રાજભય
**જક્ખ** -યક્ષ
**રક્ખસ** -રાક્ષસ
**કુસુમિણ** -નઠારું સ્વપ્ન
**દુસ્સઉણ** -નઠારું શુકન
**રિક્ખ** -નઠારા ગ્રહની
**પીડાસુ** -પીડામાં
**સંજ્ઝાસુ** -સંધ્યામાં
**દોસુ** -બંને
**પંથે** -માર્ગમાં
**ઉવસગ્ગે** -ઉપસર્ગમાં
**તહય** -તેમ જ
**રયણીસુ** -રાત્રિમાં
**પઢઈ** -ભણે છે
**જો** -જે
**નિસુણઈ** -સાંભળે છે
**તાણં** - તે બંનેના
**કઈણો** - ધન્ય પુરુષના અને
**માણતુંગસ્સ** -માનતુંગ નામના આચાર્ય
**પાસો** -શ્રી પાર્શ્વનાથ
**પાવં** -પાપને
**પસમેઉ** - શમાવો
**સયલ ભુવણ** -સર્વ જગતના જનોએ
**અચ્ચિયચલણો** -જેમનાં ચરણો પૂજ્યાં છે.

**ગાથાર્થ :-**એવી રીતે કહેલુ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું આ સ્તવન મોટા ભયને હરનારું, ઉદાર, ભવિક જનને આનંદ આપનારું અને કલ્લાણની પરંપરાનાં મૂળ કારણ રૂપ છે.....૧૯

રાજાનો ભય, યક્ષ, રાક્ષસ, નઠારું સ્વપ્ન, નઠારું શુકન અને અશુભ ગ્રહની પીડાઓમાં-બંને સંધ્યા (સવારે /સાંજે) માર્ગમાં, ઉપસર્ગમાં તથા રાત્રિમાં જે માણસ આ સ્તવન ભણે છે અને સાંભળે છે, તે બન્નેનાં પાપને આ સ્તવનના કર્તા શ્રી માનતુંગ આચાર્યના ઇષ્ટદેવ અને સર્વ જગતના લોકોએ જેમનાં ચરણ પૂજેલા છે, એવા શ્રી પાર્શ્વનાથ ભગવાન શમાવી દો....૨૦-૨૧

**ઉવસગ્ગંતે કમઠાસુરમ્મિજ્ઝાણાઓ જો ન સંચલિઓ;**
**સુરનર કિંનર જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો...૨૨**
**એઅસ્સ મજ્ઝયારે, અટ્ઠારસ અક્ખરેહિં જો મંતો;**
**જો જાણઈ સો જ્ઝાયઈ, પાસં, પરમેસરં પયડં....૨૩**

**તં નમહ પાસનાહં, ધરણિંદ ણમંસિયં ભયવિણાસં;**
**જસ્સ પ્પભાવેણ સયા, નાસંતિ ઉવદ્દ્વા સવ્વે...૨૪**
**જં સમરંતાણ મણે, ન હોઈ વાહી ન તં મહાદુક્ખં;**
**નામંપિ ય મંતસમં, ઈટ નાહ થુણામિ ભત્તીએ...૨૫**

**શબ્દાર્થ :-**

**ઉવસગ્ગંતે** -ઉપસર્ગ કરનારા
**કમઠાસુરમ્મિ** -કમઠાસુર છતાં
**જ્ઝાણાઉ** -ધ્યાનથી
**જો** -જે
**ન સંચલિઓ** -ચલિત ન થયા
**સુરનર કિંનર** -દેવ, મનુષ્ય અને કિન્નરો
**જુવઈહિં** -યુવતીઓએ
**સંથુઓ** -સ્તુતિ કરેલા
**જયઉ** -જયપામો
**પાસજિણો** -શ્રી પાર્શ્વજિન
**એઅસ્સ** -આ સ્તોત્રના
**મજ્ઝયારે** -મધ્યમાં
**અટ્ઠારસ અક્ખરેહિં** -અઢાર અક્ષરો વડે યુક્ત
**મંતો** -મંત્ર
**સો** -તે
**જ્ઝાયઈ** - ધ્યાન કરે છે
**પાસં** -પાર્શ્વનાથનું
**પરમેસરં** -પરમેશ્વરનું
**પયડં** -પ્રગટ પણે
**નમહ** -નમસ્કાર કરો
**પાસનાહં** -પાર્શ્વનાથને
**ધરણિંદ** - ધરણેંદ્રે
**ણમંસિયં** -નમસ્કાર કરેલા
**ભયવિણાસં** -ભયનો નાશ કરનારા
**જસ્સ** -જેના
**પ્પભાવેણ** -પ્રભાવથી
**સયા** -હંમેશાં
**નાસંતિ** -નાશ પામે છે.
**ઉવદ્દ્વા** -ઉપદ્રવો
**સવ્વે** -સર્વ
**જં** -જે પાર્શ્વનાથને
**સમરંતાણ** -સ્મરતા લોકોને
**મણે** -મનમાં
**ન હોઈ** -થતો નથી
**વાહી** -વ્યાધિ
**ન** -થતું નથી
**મહાદુક્ખં** -મોટું દુઃખ
**નામંપિ** - નામ પણ
**મંતસમં** - મંત્ર જેવું છે
**નાહ** -હે નાથ
**થુણામિ** -હું સ્તવું છું.
**ભત્તીએ** -ભક્તિથી

**ગાથાર્થ :-**કમઠાસુર જેવો ઉપસર્ગ કરનાર છતાં પણ પાર્શ્વનાથ પ્રભુ ધ્યાનથી ચલાયમાન થયા ન


હતા. દેવ, મનુષ્ય તથા કિન્નરની સ્ત્રીઓ વડે સ્તુતિ કરેલા છે, એવા શ્રી પાર્શ્વજિન ભગવાન જય પામો.....૨૨

આ સ્તોત્રના મધ્યમાંના અઢાર અક્ષરોના મંત્રને જે જાણે છે, તે પરમેશ્વર પાર્શ્વનાથનું પ્રગટ ધ્યાન કરે છે....૨૩

ધરણેંદ્રે પ્રણામ કરેલા અને ભયનો નાશ કરનારા પાર્શ્વનાથને તમે નમસ્કાર કરો. તેમના પ્રભાવથી હંમેશા સર્વ ઉપદ્રવો નાશ પામે છે....૨૪

શ્રી પાર્શ્વનાથને જે મનમાં સંભારે છે, તેને વ્યાધિ તથા મોટું દુઃખ થતું નથી; અને જેમનું શ્રી 'પાર્શ્વનાથ' એ નામ પણ મંત્ર જેવું છે. એવા હે નાથ ! તમને હું ભક્તિથી સ્તવું છું.

(ભાવાર્થ :- આ સ્તોત્રમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુને તેમના આશ્ચર્યકારી માહાત્મ્યનું વિશિષ્ટ રીતે વર્ણન કરીને ગુણગાનથી અત્યંત ભક્તિપૂર્વક સ્તવવામાં આવેલ છે. તેમને યાદ કરનારનાં ઉપદ્રવો, વિપત્તિઓ અને દુઃખો નાશ પામે છે. નવાં થતાં નથી. આ પ્રભુનું નામ પણ મંત્ર સમાન છે. તેમ જ સ્મરણમાં મહા પ્રભાવશાળી અઢાર અક્ષરનો મંત્ર છે. તેને જાણનારા પ્રગટ રીતે શ્રી પાર્શ્વનાથનું ધ્યાન કરી શકે છે, એમ જણાવ્યું છે.)



# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## ૬ શ્રી વજ્રસ્વામી

તુંબવન ગામમાં ધનગિરિ અને સુનંદા નામે પતિપત્ની રહેતાં હતાં. પતિ ધનગિરિએ દીક્ષા લીધી ત્યારે પત્ની સુનંદા ગર્ભવતી હતી. તેણીએ પુત્રને જન્મ આપ્યો. પુત્રે જન્મ પછી પિતાના દીક્ષાની વાત તરત સાંભળી તેથી પુત્રને જાતિ સ્મરણ જ્ઞાન થયું અને દીક્ષા લેવા તીવ્ર ઇચ્છા થઇ તેથી માતાનો મોહ ઉતરી જાય તે માટે પુત્રે નિંરતર રૂદન શરૂ કર્યું. રૂદનથી માતાએ કંટાળીને ભિક્ષા માટે પુત્રના પિતા ધનગિરિ સાધુ આવ્યા તેને છ માસનો પુત્ર વહોરાવી દીધો. ધનગિરિએ એ બાળક ગુરુને સોંપ્યો. ગુરુએ તેમાં બહુ ભાર હોવાથી વજનામ રાખ્યું. એ બાળકે પારણામાં રહી સાંભળી સાંભળીને અગીઆરે અંગને કંઠસ્થ કરી લીધા.

હવે બાળકને જોઇ જોઇને માતાનું મન લલચાયું અને બાળકને પાછો લેવા પ્રયત્ન કર્યા. રાજસભામાં કલહ ગયો અને સભામાં જેના બોલાવ્યાથી બાળક જેની પાસે જાય તેનો બાળક, એવો ચુકાદો અપાયો. સભા ભરાઇ માતાને પહેલી તક અપાઇ. તેથી માતાએ શ્રેષ્ઠ મીઠાઇઓ, સુંદર રમકડાંઓ વગેરે આપવા માંડ્યા. પણ તે ત્રણ વર્ષનો બાળક તેથી લલચાયો નહિ. પછી ધનગિરિએ રજોહરણ બતાવ્યું તે લેવા બાળક દોડી ગયો અને લઇ લીધું. પછી થોડો સમય રહીને બાળકે દીક્ષા લીધી. એટલે માતાએ પણ દીક્ષા લીધી.

વજસ્વામી આઠ વર્ષના થયા ત્યારે પૂર્વ ભવના મિત્ર જાંભક દેવે સકરકોળાપાકની ભિક્ષા આપવા માંડી અનિમેષ દ્દષ્ટિ જોઇ દેવપિંડ જાણી વજમુનિએ ભિક્ષા સ્વીકારી નહિ. આથી પ્રસન્ન થયેલા દેવે તેમને વૈક્રિયલબ્ધિ આપી. વળી કોઇવાર દેવોએ ઘેબર વહોરાવવા માંડેલ તેને પણ દેવપિંડજાણીને ન લેનાર વજમુનિને તેમણે આકાશગામિની વિદ્યા આપી. પાટલીપુત્રના ધનશ્રેષ્ઠીની રૂક્ષ્મણી નામની કન્યાએ સાધ્વીજીઓના મુખેથી ગવાતા વજસ્વામીના ગુણોને સાંભળ્યા ત્યારે કન્યાએ પરણું તો વજસ્વામીને જ પરણુ એવો નિર્ણય કર્યો. વજસ્વામી એ નગરમાં આવ્યા ત્યારે ધનશ્રેષ્ઠીએ એક ક્રોડની મિલ્કત સાથે કન્યા આપવા માંડી. પરંતુ વજસ્વામી મોહમાં ન પડ્યા અને કન્યાને પ્રતિબોધીને દીક્ષા આપી. કોઇ વખતે ભયંકર દુષ્કાળ પડવાથી શ્રી સંઘને પટવસ્ત્ર ઉપર બેસાડીને સુકાળવાળા પ્રદેશમાં લઇ ગયા, ત્યાંના બૌધ રાજાએ જૈનમંદિરોમાં ફુલોને લાવવાની સખ્ત મનાઇ કરી. પર્યુંષણ પર્વ વખતે શ્રાવકોએ વજસ્વામીને એ બાબત વિનંતિ કરી તેથી આકાશગામિની વિદ્યાથી તેઓ માહેશ્વરીપુરીમાં પોતાના મિત્ર માળીને અને હિમવંત પર્વત પર જઇને શ્રીદેવીને એ વાત જણાવીને બૌધ રાજાના રાજ્યમાં જિનમંદિરો

માટે પુષ્પ પૂજાની વ્યવસ્થા કરાવી અને ત્યાં દૈવિક મહોત્સવથી જૈન શાસનની પ્રભાવના કરાવી તેથી આશ્ચર્યચકિત થઇ રાજાએ પણ જૈન ધર્મ સ્વીકાર્યો અને તે વ્રતધારી શ્રાવક બન્યો.

એક સમયે કફ નિવારણ માટે સુંઠનો કકડો કાન પર ચડાવી રાખેલ હતો.વજસ્વામીને તે પ્રતિક્રમણ કરતી વખતે કાન પરથી પડી જતાં ખાવાનું ભૂલી ગાયની વાત યાદ આવી. પોતાના પ્રમાદ માટે દુઃખ થયું અને અલ્પ આયુષ્ય છે એમ જણાયું. પછી વજસેન નામના પોતાના શિષ્યને કહ્યું કે, હવે બાર વર્ષનો દુષ્કાળ પડવાનો છે. અને જે દિવસે લક્ષ મૂલ્યવાળા ચોખામાંથી તને ભિક્ષા મળવાનો પ્રસંગ આવે તેના બીજા જ દિવસે સુકાળ થવાનો છે. એ વાત ધ્યાનમાં રાખજે. એ રીતે કહી પોતાની સાથે રહેલા સાધુઓની સાથે રથાવર્ત પર્વત ઉપર ગયા અને ત્યાં અનશન કરી સ્વર્ગે ગયા. તે વખતે ચોથું સંઘયણ અને દશ પૂર્વ વિચ્છેદ પામ્યાં. પછી બાર વર્ષનો દુકાળ થયો. એક વખતે વજસેનમુનિ સોપારક નગરમાં શ્રાવકના ઘરે તેની ઇશ્વરી નામની સ્ત્રી લક્ષ મૂલ્યવાળા ચોખાને રાંધીને તેમાં ઝેર મેળવવાનો વિચાર કરી રહી હતી ત્યારે ત્યાં પહોંચી ગયા અને કુટુંબ સહિત મરી જવાની ક્રિયા અટકાવી ગુરુ વચન કહી સંભળાવ્યું. તેથી ઝેર ભેળવતાં તેણી અટકી ગઇ. બીજે દિવસે સવારમાં જ વહાણોમાં પુષ્કળ ધાન્ય આવી પડ્યું અને સર્વત્ર સુકાળ થઇ ગયો. બીજા ભયાનક દુકાળના પ્રારંભે શ્રી વજસ્વામીએ, ૮૮ વર્ષની વયે પર્વત પર જઇ અણસણવ્રત લીધું. દેહ ત્યાગ પછી ઇન્દ્ર મહારાજાએ ત્યાં આવીને પ્રદક્ષિણા કરી, તેથી તે પર્વત ''રથાવર્ત'' કહેવાયો. વિ. સં. ૧૧૪નું એ વર્ષ હતું.

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## ઉત્તર વૈક્રિય શરીરનો કાળ

अंतमुहुत्तं निरए, मुहुत्त चत्तारि तिरिय मणुएसु ।
देवेसु अद्धमासो, उक्कोस विउव्वणाकालो ।।१०।।

નારકીમાં અંતર્મુહૂર્ત, તિર્યંચ અને મનુષ્યમાં ચાર મુહૂર્ત, દેવતામાં અડધો માસ આ પ્રમાણે ઉત્કૃષ્ટથી ઉત્તર વૈક્રિયનો કાળ જાણવો.

નારકીએ બનાવેલ ઉત્તર વૈક્રિય અંતર્મુહૂર્ત સુધી, તિર્યંચ અને મનુષ્યે બનાવેલ ઉત્તર વૈક્રિય શરીર ચાર મુહૂર્ત સુધી ટકી શકે છે. દેવોએ બનાવેલ ઉત્તર વૈક્રિય શરીર (કે દેવોએ વિકુર્વેલા કોઇપણ પદાર્થ) વધુમાં વધુ પંદર દિવસ સુધી જ ટકે છે પછી સ્વયંમેવ વિલય-નાશ પામી જાય છે. કાળ પૂરો થયા પહેલા પણ બુદ્ધિ પૂર્વક સંહરણ કરી શકાય છે.

વાયુકાયમાં ઉત્તર વૈક્રિયની રચના અને વિલય બન્ને સ્વયંમેવ જ થઇ જાય છે.

## (૩) સંઘયણ દ્વાર

थावर सुर नेरइआ, असंघयणा य विगल छेवट्ठा ।
संघयण छग्ग गब्भय, नर तिरिएसुवि मुणेयव्वं ।।११।।

સ્થાવર, દેવતા અને નારકી સંઘયણ રહિત છે. વિકલેન્દ્રિય છેવટ્ઠું (સેવાર્ત) સંઘયણવાળા હોય છે, છ સંઘયણ ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને વિષે પણ જાણવા.

| સંઘયણ | | |
|---|---|---|
| સંખ્યા | દંડક | સંઘયણ |
| ૧૯ | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય દેવ અને નારક | સંઘયણ ન હોય |
| ૩ | બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય (વિકેલેન્દ્રિય) | છેવટ્ઠું સંઘયણ |
| ૨ | ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય | છ એ સંઘયણ |

## (૪) સંજ્ઞા અને (૫) સંસ્થાન દ્વાર

सव्वेसिं चउ दह वा सन्ना, सव्वे सुराय चउरंसा ।
नर तिरिय छ संठाणा, हुंडा विगलिंदि नेरइआ ।।१२।।

સર્વેને વિષે ચાર, દશ સંજ્ઞા હોય છે. સર્વ દેવો સમચતુરસ્ત્ર સંસ્થાનવાળા હોય છે. ગર્ભજ મનુષ્ય અને તિર્યંચને છ સંસ્થાન હોય છે. વિકલેન્દ્રિય અને નારકીને હુંડક સંસ્થાન હોય છે.

સંજ્ઞા ચાર અથવા દસ પ્રકારે છે.

**આ ચાર સંજ્ઞામાં ક્રોધ, માન, માયા અને લોભનો સમાવેશ થાય છે ?**

ચાર સંજ્ઞામાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહનો સમાવેશ થાય છે.

દસ સંજ્ઞામાં ઉપરોક્ત ચાર સંજ્ઞા સાથે ઓઘ સંજ્ઞા, લોક સંજ્ઞા, તથા ક્રોધ –માન–માયા – લોભનો સમાવેશ થાય છે.

ચોવિસના ચોવિસ દંડકમાં ચાર અને દસ સંજ્ઞા હોય છે. ગતિ અપેક્ષાએ એમ કહી શકાય કે તિર્યંચોને વિશેષથી આહાર અને માયા સંજ્ઞા હોય છે... મનુષ્યગતિમાં મૈથુન અનેમાન સંજ્ઞા વિશેષથી હોય છે.. નરકગતિમાં ભય અને ક્રોધ સંજ્ઞા વિશેષથી હોય છે... તથા દેવગતિમાં પરિગ્રહ અને લોભ સંજ્ઞા વિશેષથી હોય છે.

શરીરનો આકાર તે સંસ્થાન છે. તે છ પ્રકારે છે.

દેવોને સમચતુરસ્ત્ર સંસ્થાન હોય છે. ગર્ભજ મનુષ્ય અને ગ. તિર્યંચને બધાજ છ એ છ પ્રકારના સંસ્થાન સંભવી શકે છે. બેઇન્દ્રિય–તેઈન્દ્રિય–ચઉરિન્દ્રિય અને નારકીને હુંડક સંસ્થાન હોય છે. એકેન્દ્રિયને આમ તો હુંડક સંસ્થાન જ હોય છે પરંતુ એમના આકાર જુદા જુદા હોય છે.

**સંસ્થાન**

| દંડક સંખ્યા | દંડક | સંસ્થાન |
|---|---|---|
| ૧૩ | દેવો | સમચતુરસ્ત્ર |
| ૧ | ગર્ભજ મનુષ્ય | છ સંસ્થાન |
| ૧ | ગર્ભજ તિર્યંચ | છ સંસ્થાન |
| ૧ | નારક | હુંડક |
| ૩ | વિકલેન્દ્રિય<br>બે-તે-ચઉરિન્દ્રિય | હુંડક |
| ૫ | સ્થાવર | હુંડક |

## (૫) સંસ્થાન દ્વાર (ચાલુ)

नाणाविह धय सूइ, बुब्बुय वण वाउ तेउ अपकाया ।
पुढवि मसुरचंदा, कारा संठाणओ भणिया ।।१३।।

જુદા જુદા પ્રકારના, ધજાના, સોયના તથા પરપોટાના સંસ્થાનવાળા અનુક્રમે વનસ્પતિકાય, વાયુકાય, તેઉકાય અને અપકાય હોય છે. પૃથ્વીકાય મસૂરની દાળ સરખા અથવા અર્ધચંદ્ર આકારના સંસ્થાનવાળા હોય છે.

સ્થાવરનુ-સર્વ એકેન્દ્રિયનું આમ તો સંસ્થાન હુંડક છે. બાહ્યથી... ચર્મચક્ષુથી આપણને બાદર એકેન્દ્રિયના એક એક જીવનો કોઇ આકાર કે આકૃતિ દેખાતી નથી. પરંતુ કેવળજ્ઞાન રૂપી ચક્ષુથી જ્ઞાની ભગવંતોએ આપણને એમના આકાર જણાવ્યા છે. આ આકારો જાણવા અને સમજવા જેવા છે.

| સ્થાવરના આકાર | | |
|---|---|---|
| **હુંડક સંસ્થાન હોવા છતાં આકૃતિ વિવિધ હોય છે તે જણાવે છે.** | | |
| **પ્રત્યેક વનસ્પતિકાય** | : | **જુદા -જુદા અનેક આકારે** |
| **વાયુકાય** | : | **ધ્વજના આકારે** |
| **અગ્નિકાય** | : | **સોયના આકારે** |
| **અપકાય** | : | **પરપોટાના આકારે** |
| **પૃથ્વીકાય** | : | **મસુરના દાળ અથવા અર્ધચંદ્રના આકારે** |

## (૬) કષાય અને (૭) લેશ્યા દ્વાર

सव्वेवि चउ कसाया, लेस छग्गं गब्भ तिरिय मणुएसु ।
नारय तेउ वाउ, विगला वेमाणिय ति लेसा ।।१४ ।।

(ચોવીસ દંડકના) સર્વે જીવો ચાર કષાયવાળા હોય છે.

ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય અને ગર્ભજ મનુષ્યને વિષે છ લેશ્યા હોય છે. નારકી, તેઉકાય, વાયુકાય, વિકલેન્દ્રિય અને વૈમાનિક ત્રણ લેશ્યાવાળા હોય છે.

કષાય છે ત્યાં સંસાર છે અને સંસાર છે ત્યાં કષાય છે. એથી સંસારના સર્વ જીવોમાં ચાર કષાય હોય જ છે. તેથી જ તો આપણો સંસાર અનાદિ કાળથી ચાલી રહ્યો છે. અહીં બધા જ ૨ ૪ દંડકોમાં પછી તે દેવનો હોય કે માનવનો... તિર્યંચનો હોય કે નરકનો બધાજ જીવો કષાયના દાસ છે.

# લેશ્યા

**લેશ્યા એટલે જીવનો આત્મ પરિણામ.**

કોઇના આત્મપરિણામ શુભ હોય છે કોઇ જીવના આત્મપરિણામ અશુભ હોય છે. એક જ જીવના આત્મપરિણામ પણ ક્યારેક શુભ હોય છે તો ક્યારેક અશુભ હોયછે. સર્વ જીવોના આત્મપરિણામ સતત બદલાતા હોય છે. આત્મપરિણામ એ ભાવલેશ્યા છે. આ ભાવલેશ્યા ઉત્પન્ન થવાના કારણભૂત જે પુદ્ગલો છે તે દ્રવ્યલેશ્યા છે. દ્રવ્ય લેશ્યાના પુદ્ગલો વિવિધ રંગના (વર્ણના) હોય છે. તે અનુસાર એમના નામ હોય છે અને એની તીવ્રતા હોય છે.

| | | | | |
|---|---|---|---|---|
| **(૧) કૃષ્ણલેશ્યા** | - | કાળો વર્ણ | - | અતિ ક્રૂર પરિણામ. |
| **(૨) નીલ લેશ્યા** | - | નીલ વર્ણ | - | ઓછો ક્રૂર પરિણામ. |
| **(૩) કાપોત લેશ્યા** | - | ભૂરો (રાખોડી) વર્ણ | - | અલ્પ ક્રૂર પરિણામ. |
| **(૪) તેજો લેશ્યા** | - | લાલ વર્ણ | - | અલ્પ શાંત પરિણામ. |
| **(૫) પદ્મ લેશ્યા** | - | પીળો વર્ણ | - | વધુ શાંત પરિણામ. |
| **(૬) શુકલ લેશ્યા** | - | સફેદ વર્ણ | - | અતિ શાંત પરિણામ. |

પ્રથમ ત્રણ અશુભ લેશ્યા છે.
અંતિમ ત્રણ શુભ લેશ્યા છે.

ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યને ઉપર જણાવેલી છ એ છ લેશ્યાઓ સંભવી શકે છે. નારકી, તેઉકાય, વાયુકાય, વિકલેન્દ્રિય અને વૈમાનિક દેવલોકના દેવોને ત્રણ લેશ્યા હોય છે.

## (૭) લેશ્યા... (૮)ઈન્દ્રિય.... અને (૯) સમુદ્ઘાત દ્વાર

**जोइसिय तेउ लेसा, सेसा सव्वेवि हुंति चउ लेसा ।**
**इंदिय दारं सुगमं, मणुआणं सत्त समुग्घाया ।।१५।।**

જયોતિષિને તેજોલેશ્યા હોય છે. બાકીના સર્વ દંડકો ચાર લેશ્યાવાળા હોય છે. ઇન્દ્રિયદ્વાર સહેલું છે. મનુષ્યોને સાત સમુદ્ઘાત હોય છે.

જ્યોતિષચક્રના દેવોને તેજોલેશ્યા હોયછે. બીજા બચેલા બધાજ દંડકોમાં ચાર લેશ્યા હોય છે.

## લેશ્યા

| દંડક સંખ્યા | દંડક નામ | લેશ્યા |
|---|---|---|
| ૬ | નારક, તેઉકાય, વાયુકાય<br>બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય | કૃષ્ણ-નીલ-કાપોત |
| ૧૪ | અસુરાદિ ભવનપતિ (૧૦), વ્યંતર (૧)<br>પૃથ્વીકાય, અપકાય અને વનસ્પતિકાય | કૃષ્ણ-નીલ -કાપોત અને તેજોલેશ્યા |
| ૧ | જ્યોતિષી | તેજોલેશ્યા |
| ૧ | વૈમાનિક | તેજો-પદ્મ-શુકલ |
| ૧ | ગર્ભજ મનુષ્ય | છ લેશ્યા |
| ૧ | ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિય | છ લેશ્યા |

ઈન્દ્રિય દ્વાર સહેલું હોવાથી વિશેષ સમજાવ્યું નથી. દેવોના તેર દંડક, ૧ નારકીનો તથા મનુષ્ય અને ગ. તિર્યંચ આ કુલ ૧૬ દંડક પંચેન્દ્રિયમાં આવે છે. પાંચ સ્થાવર દંડક એકેન્દ્રિયમાં આવે છે. તથા બેઈન્દ્રિય-તેઈન્દ્રિય- ચઉરિન્દ્રિયનો એક એક દંડક થાય છે.

## ઈન્દ્રિય

| દંડક સંખ્યા | દંડક નામ | ઈન્દ્રિય |
|---|---|---|
| ૧૬ | નારક, ગર્ભજ મનુષ્ય, ગ. તિર્યંચ, દેવો | પાંચ ઈન્દ્રિય |
| ૫ | પૃથ્વીકાય, અપકાય, તેઉકાય,<br>વાયુકાય અને વનસ્પતિકાય | એક માત્ર સ્પર્શેન્દ્રિય |
| ૧ | બેઈન્દ્રિય | સ્પર્શેન્દ્રિય-રસનેન્દ્રિય |
| ૧ | તેઈન્દ્રિય | સ્પર્શ-રસ-ઘ્રાણ ઈન્દ્રિય |
| ૧ | ચઉરિન્દ્રિય | સ્પર્શેન્દ્રિય-રસનેન્દ્રિય-ઘ્રાણેન્દ્રિય<br>અને ચક્ષુરિન્દ્રિય. |

# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## ચોથા ગુણસ્થાને રહેલો જીવ શું કરે ?

ચોથા ગુણસ્થાને વિરતિનો ઉદય ન હોવાથી જીવ વ્રત-નિયમ-પચ્ચક્ખાણ ન કરે પરંતુ એ સિવાય પણ કરવા જેવા ઘણા જ કૃત્યો છે જેથી એમનો પરિચય કરાવતાં કહે છે-

**देवे गुरौच संघेच सदभक्तिं शासनोन्नतिम् ।**
**अव्रतोऽपि करोत्येव स्थित स्तुर्ये गुणालये ।। २३ ।।**

ચોથા ગુણસ્થાને રહેલો અવ્રતી જીવ પણ દેવ-ગુરુ-સંઘની સુંદર ભક્તિ અને શાસનની ઉન્નતિ કરે છે.

અરિહંત પરમાત્માની અપૂર્વભક્તિ એના અંતરમાં વસેલી હોય છે. પરમાત્માના જિનાલય બનાવવા, જિન પ્રતિમાઓ ઘડાવવી, ભરાવવી, પધરાવવી એમની પૂજા-અર્ચના કરી અમુલ્ય કર્મક્ષય કરી પુણ્યોપાર્જન કરવું. રાવણ રાજાએ જિનભક્તિથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે. પાંચ કોડીના અઢાર પુષ્પથી જિનપૂજા કરી કુમારપાળ રાજા થયા. અહિંસા પ્રતિપાલક બન્યા આગળ ગણધર બની મુક્તિપદના ભોગી બનશે.

સમ્યગ્દૃષ્ટિ જીવના હૃદયમાં જિનભક્તિ સાથે જ ગુરુભક્તિ પણ વસેલીજ હોય છે. ગુરુનો પરમ વિનય... સેવા... વૈયાવચ્ચ... ભક્તિ એના રગરગમાં વ્યાપેલી હોય છે. આહાર-પાણી-વસ્ત્ર -પાત્ર - સ્થાન આદિ દ્વારા એ ગુરુભક્તિનો લાભ લેતો હોય છે.

સાધુ-સાધ્વી -શ્રાવક -શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ સમ્યગ્દૃષ્ટિની નજરમાં પચ્ચીસમા તીર્થંકર સ્વરૂપ હોય છે. આ ચતુર્વિધ સંઘની ભક્તિમાં એ પોતાનું પરમ સૌભાગ્ય સમજતો હોયછે. તક મળે તો ચુક્યાવગર એ લાભ લુંટી લેતો હોય છે.

શાસનની ઉન્નત્તિ અને જય જયકાર માટે એ રથયાત્રા, સંઘ પૂજા, તીર્થયાત્રા, મહોત્સવ આદિ અનુષ્ઠાન આદરતો હોય છે. મને જે જયવંતુ શાસન મળ્યું એ વિશ્વના સર્વે જીવોને મળે એ માટે એ સતત પ્રયત્નશીલ હોય છે.

આવો ! આવા અનેરા અનુષ્ઠાનોને આપણા અંતરમાં અદ્ભૂત સ્થાન આપીએ. આવા અનુષ્ઠાનો દ્વારા તન-મન-વચનને આરાધનામાં જોડી અન્યોને પણ આરાધનામાં જોડતા રહીએ. જિન શાસનની

અપૂર્વ પ્રભાવના કરી અનેકોના અંતરમાં જિન શાસનની સ્થાપના કરીએ.

ચોથા ગુણસ્થાને ૭૭ પ્રકૃતિ બંધમાં હોય છે. ૧૦૪ પ્રકૃતિ ઉદય અને ઉદીરણામાં હોય છે. જ્યારે ઉપશમ સમ્યક્ત્વની અપેક્ષાએ ૧૪૮ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

## (૫) દેશવિરતિ ગુણસ્થાન

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જીવ વ્રત-નિયમ લઇ આરાધી જીવનને શક્ય એટલા પાપોથી દૂર રાખવા પ્રયત્ન કરે છે. ત્યારે એ પાંચમા શ્રાવક યોગ્ય દેશવિરિત ગુણસ્થાનને પામે છે.

प्रत्याख्यानो दया द्वेश विरति यंत्र जायते ।
तच्छ्राद्धत्वं हिदेशोन पूर्व कोटि गुरुस्थि तिः ॥ २४ ॥

તત્વના જાણ પણાથી વૈરાગ્યવાસિત થયેલા સમ્યક્દ્દષ્ટિ જીવને ઇચ્છાતો સર્વવિરતિ ગ્રહણ કરવાની જ હોય છે. પરંતુ સર્વવિરતિનો ઘાત કરનાર પ્રત્યાખ્યાનાવરણીય કષાયના ઉદયથી સર્વ વિરતિ સ્વીકારવાનું સત્વ ઉત્પન્ન થતું નથી... પ્રગટ થતું નથી. આવો જીવ જઘન્ય, મધ્યમ અથવા ઉત્કૃષ્ટ દેશવિરતિ ધર્મને પ્રાપ્ત કરે છે. એથી જ ગુણસ્થાનનું નામ દેશવિરતિ ગુણસ્થાન છે.

જઘન્ય દેશવિરતિવાળો જીવ માંસ-મદિરા યુક્ત સાત વ્યસનનો ત્યાગી હોય છે. પ્રાણાતિપાત વિરમણ વ્રતાદિને ધારણ કરનાર તથા નમસ્કાર મહામંત્રનો આરાધક હોય છે.

મધ્યમ દેશવિરતિધર શ્રાવકના બાર વ્રતોનું પાલન કરનાર તથા શ્રાવકના છ કર્તવ્યની (જિનેન્દ્રપૂજા, ગુરુભક્તિ, અનુકંપા, સુપાત્રદાન ગુણાનુરાગ અને આગમરૂચિ) આરાધના કરનાર હોય છે.

ઉત્કૃષ્ટ દેશવિરતિધર સચિત્તાહારનો ત્યાગી હોય છે. નિત્ય એકાસણું કરનાર તથા સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રતનો આરાધક હોય છે. સર્વવિરતિની ઇચ્છા રાખનાર અને સર્વ આરંભ-સમારંભયુક્ત કાર્યોનો ત્યાગી હોય છે.

આ ગુણસ્થાનની સ્થિતિ દેશઉણા પૂર્વ ક્રોડ વરસની હોય છે.

## દેશવિરતિ ગુણસ્થાને કેવું ધ્યાન સંભવે ?


ધ્યાન એ એકાગ્રતા છે. જીવનના વિવિધ પ્રસંગોમાં જ્યાં રૂચિ હોય ત્યાં એકાગ્રતા સંભવે છે. દેશવિરતિ ગુણસ્થાને કેવા કેવા ધ્યાનની સંભાવના હોય છે તે જણાવે છે-

आर्त्त रौद्रं भवेदत्र मंदं धर्म्यं तु मध्यमम् ।
षट् कर्म प्रतिमा श्राद्ध व्रतपालन संभवम् ॥२५॥

આ ગુણસ્થાનકે આર્ત અને રૌદ્રધ્યાનની મંદતા હોય છે અને મધ્યમ એવું ધર્મધ્યાન હોય છે. આ ધર્મધ્યાન છ આવશ્યકના સેવનથી શ્રાવકના બાર વ્રત અને અગિયાર પ્રતિમાના પાલનથી હોય છે.

રૌદ્રધ્યાનના ચાર પ્રકાર જણાવે છે-

(૧) હિંસાનંદ રૌદ્રધ્યાન (૨) મૃષાવાદાનંદ રૌદ્રધ્યાન (૩) ચૌર્યાનંદ રૌદ્રધ્યાન તથા (૪)


सिद्धशिला
देवविमान
क्षपक
श्रेणी
अयोगी केवली
सयोगी केवली
क्षीण मोह
उपशांत मोह
सूक्ष्म संपराय
अनिवृत्ति करण या
बादर संपराय
अपूर्व-करण या
निवृत्ति करण
अप्रमत्त सर्व-विरत
प्रमत्त सर्व-विरत
देशविरत
अविरत सम्यग्दृष्टि
मिश्र
सास्वादन
मिथ्यात्व
गुणस्थान
14
13
12
11
10
9
8
7
6
5
4
3
2
1
उपशम
श्रेणी
11
10
9
अनिवृत्ति करण
बादर संपराय
सूक्ष्म
संपराय
उपशांत
मोह
मिथ्यात्व गुणस्थान

સંરક્ષણાનંદ રૌદ્રધ્યાન

રૌદ્રધ્યાની જીવને હિંસા-અસત્ય-ચોરી આદિમાં આનંદ આવે છે. પોતાનો સ્વાર્થ સાધવા તથા સત્તા-સંપત્તિના સંરક્ષણ માટે એ હિંસા પણ આચરે... અસત્ય પ્રયોગ પણ કરે અને ચોરી કરી પરનો માલ પચાવી જાણે એટલું જ નહીં આવી પ્રવૃતિ કરીને તે ખુશી પણ અનુભવે. પરંતુ તત્વ અને ધર્મને જાણ્યા પછી દેશવિરતિ ગુણસ્થાને આ પ્રવૃત્તિ મંદ બની જાય. હવે આવી પ્રવૃત્તિમાં કોઇ આનંદ ન આવે-રસપણ ન હોય છતાં ક્યારેક અનાદિના અભ્યાસથી ક્ષણિક આવી કોઇ પ્રવૃત્તિ સંભવે છે.

સર્વ લોક જયારે આર્તધ્યાનમાં ડૂબેલો છે ત્યારે દેશવિરતિધરને પણ મંદ પરિણામી આર્તધ્યાન હોઇ શકે છે. આવા આર્તધ્યાનના પણ ચાર પ્રકાર છે- (૧) અનિષ્ટ વસ્તુ સંયોગ આર્તધ્યાન (૨) ઇષ્ટ વસ્તુ વિયોગ આર્તધ્યાન (૩) રોગચિન્તા આર્તધ્યાન અને (૪)શોક ચિન્તા આર્તધ્યાન

દેશવિરતિધર જેમ જેમ આરાધનામાં આગળ વધતો જાય છે. તેમ તેમ ઉપર જણાવેલા રૌદ્ર અને આર્તધ્યાન મંદ પરિણામી બને છે. જીવનમાં ધર્મધ્યાનની વૃદ્ધિ થવા લાગે છે. આ ધર્મધ્યાન પણ ચાર પ્રકારે છે જે આગળ કહેવાશે. ૧. સામાયિક ૨. ચઉવિસત્થો. ૩. વાંદણા ૪. પ્રતિક્રમણ ૫. કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ પ્રમુખ છ આવશ્યક, પ્રાણાતિપાદ આદિ ૧૨ વ્રત અને અગિયાર પ્રતિમા વિગેરેના આલંબને જીવ ધર્મધ્યાનમાં આગળ વધે છે. ધીરે ધીરે એમાં સ્થિરતા કેળવે છે.

આ ગુણસ્થાનકે સડસઠ પ્રકૃતિનો બંધ હોય છે. સત્યાસી પ્રકૃતિઓ ઉદય અને ઉદીરણામાં હોય છે. જ્યારે ૧૪૮ પ્રકૃતિ સત્તામાં હોય છે.

શ્રી ગૌતમસ્વામી પ્રભુ મહાવીરસ્વામીને પૂછે છે- ''હે વીતરાગી ! આ ગુણસ્થાનકે ક્યા ગુણ પ્રાપ્ત થયા ?''

અનંત ઉપકારી પ્રભુ મહાવીરસ્વામીએ કહ્યું - ''હે ગૌતમ ! આ ગુણસ્થાને રહેલો જીવ નવતત્વને જાણે... નવકારસીથી માંડીને વરસીતપ પર્યંતના તપને જાણે... સદ્દહે... પ્રરૂપે અને શક્તિ પ્રમાણે કરે.. આ ગુણસ્થાને રહેલો જીવ એક પચ્ચક્ખાણથી માંડી શ્રાવકના ૧૨ વ્રતના-૧૧ પ્રતિમા સુધી આદરે અને સંલેખના પર્યંત અણસણની આરાધના કરે. એ જીવ અલ્પેચ્છુ, અલ્પઆરંભિ, સુશીલ, સુવ્રતી, ધર્મિષ્ઠ, સંવેગવન્ત, દૃઢ સમ્યકત્વી, ઉત્તમ ક્રિયાનુગામી, જૈન ધર્મ પ્રભાવક આદિ ગુણસંપન્ન હોય. દેશવિરતિવાળો હોય પરંતુ પરિણામની ધારાએ સાધુ જેવો જાણવો. તેથી જઘન્યથી ત્રીજે ભવે અને ઉત્કૃષ્ટથી સાત-આઠ ભવ કરીને મોક્ષે જાય.''

# (૬) પ્રમત્ત સંયત ગુણસ્થાન

દેશવિરતિધર જ્યારે સર્વવિરતિનો સ્વીકાર કરે છે ત્યારે એ પાંચમા ગુણસ્થાનકથી છઠ્ઠા ગુણસ્થાનકે આવે છે. અહીં સર્વ વિરતિ છે પરંતુ સાથે પાંચ પ્રકારનો પ્રમાદ પણ છે. તેથી પ્રમત્ત સંયત ગુણસ્થાન છે.

**कषायाणां चतुर्थानां व्रती तीर्वोदये सति ।**
**भवेत्प्रमाद युक्तत्वात् प्रमत्तस्थान गोमुनिः ।।२७।।**

સંજ્વલન કષાયના તીવ્ર ઉદયમાં જીવ પ્રમાદ યુક્ત થાય છે. આ પ્રમાદ પાંચ પ્રકારે છે- (૧) જાતિ આદિ આઠ પ્રકારના મદ (૨) પાંચ ઇન્દ્રિયના ૨૩ વિષય, (૩) કષાય (૪) પાંચ પ્રકારની નિદ્રા અને (૫) ચાર પ્રકારની વિકથા. આ પાંચ પ્રમાદસહિતનું જે સાધુ જીવન તે પ્રમત્ત સંયત ગુણસ્થાન છે.

અંતર્મુહૂર્તથી વધારે પ્રમાદમાં રહે તો પાંચમા દેશવિરતિ ગુણસ્થાને જાય અને જો અંતર્મુહૂર્તથી વધારે અપ્રમાદમાં રહે તો સાતમા અપ્રમત્ત સંયત ગુણસ્થાને જાય. આ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની છે.

**अस्तित्वान्नो कषायाणामत्रार्त्त स्यैव मुख्यता ।**
**आज्ञा द्यालम्बनो पेता धर्मध्यानस्य गौणता ।। २८ ।।**

આ પ્રમત્ત સંયત ગુણસ્થાનમાં આર્તધ્યાનની ગૌણતા છે પરંતુ ઉપલક્ષણથી રૌદ્રધ્યાનપણ છે. આર્તધ્યાનની મુખ્યતા શા માટે છે ? તે જણાવતાં કહે છે કે હાસ્યાદિક ષટ્ક છે તેથી આર્તધ્યાન છે. આજ્ઞાના આલંબનથી ધર્મધ્યાન ગૌણતાએ છે ધર્મધ્યાનના ચાર ભેદ છે- (૧) અન્ય મતપંથવાળાઓથી બાધા પામ્યા વગર સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનો સ્વીકાર કરીને તત્વનો વિચાર કરવો એને આજ્ઞાવિચય ધર્મધ્યાન કહે છે. (૨) રાગ અને દ્વેષથી જીવને કષ્ટ થાય છે. રાગ-દ્વેષના કડવા પરિણામનું ચિંતવન એની વિચારણા તે અપાય વિચય ધર્મધ્યાન છે. (૩) ક્ષણે ક્ષણે જીવને વિવિધ પ્રકારના કર્મ ઉદયમાં આવે છે ઘડીકમાં શાતા-ઘડીકમાં અશાતા, ક્ષણમાં જ્ઞાનાવરણીયનો ઉદય તો બીજી જ પળે અંતરાયકર્મનો ઉદય આવા કર્મ વિપાકનું ચિંતવન તે વિપાક વિચય ધર્મધ્યાન છે. (૪) આ સંસાર અનાદિ કાળથી છે ઉત્પત્તિ-વિનાશ અને ધ્રૌવ્ય પણ છે. ઉર્ધ્વલોક-અધોલોક-તિર્ચ્છાલોક સ્વરૂપ ચૌદ રાજલોકના સ્વરૂપનું ચિંતવન તે સંસ્થાન વિચય ધર્મધ્યાન છે. આવું જે ધર્મધ્યાન તેની અહિં ગૌણતા છે કારણ કે અહીં પ્રમાદની હાજરી છે.



# ગોચરી

ધર્મલાભ !

અચાનક ધર્મલાભનો અવાજ સાંભળી ઘરમાં મિશ્ર લાગણીનું મોજું ફરી વળ્યું... મોટી બા ને આનંદ થયો દિકરો પાસ થયો... ડોકટર થયો એના માનમાં મિત્રો જમવા આવવાના હતા... રસોઇ લગભગ તૈયાર હતી.. અનાયાસ લાભ મળી ગયો... દરવાજો ખોલીને પધારો... પધારો... કહીને એમણે મુનિરાજને અંદર પધારવા વિનંતી કરી... મુનિરાજ પધાર્યા... પાટલો મુકવામાં આવ્યો... મુનિરાજે તરપણી મુકી.. ઘરના બધા ભેગા થયા... ચાલો આપણે બધા વહોરાવીને લાભ લઇશું... એક એક વસ્તુ વાનગી લઇને વહોરાવવા આગળ વધ્યા...

સાહેબ ! દુધપાક...

એમાં બદામ-પિસ્તા નાંખેલા છે ને ? હમણાં મેવો ન ખપે...

સાહેબ ! ઢોકળા...

ક્યારે પલાળ્યા છે ?... છાસ ગરમ કરેલી છે...

ના....! છાસ ગરમ નથી કરી.. રાતના પલાળ્યા છે....

તો એ નહિં કલ્પે...

સાહેબ ! પુલાવ... કઢી....

એમાં પણ કાજુ... અને કોથમીર છે... એ પણ કામ નહીં આવે...

શાકમાં બટેટા હતા એટલે લેવાનું જ ન હતુ.

ઘરના બધા મુંઝાયા... હવે શું કરવું ?

ત્યાં મુનિરાજે સ્વયં કહ્યું -'ચપટી ખાંડ લઇ લો તો ચાલશે.'

બહેને ખાંડ વહોરાવી... મુનિરાજ ધર્મલાભ આપી શાંતિથી ચાલ્યા ગયા.. પણ ઘરમાં બધાના મનને દુઃખ થયું... આપણા ઘરે મુનિરાજના પગલા થયા પણ આપણે લાભ ન લઇ શક્યા... જરાક ઉપયોગ (ખ્યાલ)રાખ્યો હોત તો જરૂર લાભ મળી જાત...પણ હવે પસ્તાવો કરવાથી શું થાય ?

આવા પ્રસંગો આપણા ઘરમાં પણ ક્યારેક બને છે. બધું તૈયાર હોય છતાં સાધુ-સાધ્વીજી ભગવંતોને કલ્પે (કામ આવે) એવી એક પણ વસ્તુ ન હોય...

આ બધા પાછળનું મુખ્ય કારણ આપણી એક ભ્રામક કલ્પના છે. આપણે માનીએ છીએ કે ભક્ષ્ય... અભક્ષ્ય કલ્પ્ય.. અકલ્પ્ય... આ બધો વિચાર સાધુ-સાધ્વીજી ભગવંતોને માટે છે. ના ! આ આપણી ભૂલ છે... જે સાધુ-સાધ્વીજી ભગવંતોને ન કલ્પે, ન ચાલે, તે શ્રાવકને ક્યારે પણ ન જ ચાલે... આપણે સાધુ ને ચાલે ન ચાલે તેનો વિચાર કરીએ પણ શ્રાવક અને સાધુ બન્ને માટે અભક્ષ્યાદિનો વિચાર સમાન જ છે... સરખોજ છે... જો તમે શ્રાવક યોગ્ય આહાર બનાવો તો સાધુ ક્યારેય તમારા ઘરેથી ખાલી હાથે ન જાય...

આવો ! આજે આપણે વિચાર કરીએ... જાગીએ... સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા માટે જૈન શાસ્ત્રોએ બતાવેલ આહાર વિષેનો ભક્ષ્યા ભક્ષ્યનો વિચાર...

પરમાત્માના શાસનને પામેલા સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાને નીચે બતાવેલી વસ્તુઓ ક્યારે પણ લેવી કલ્પે નહી-

**ચાર મહાવિગઈ- માંસ, મદિરા, માખણ અને મધ.**

**બાવીશ અભક્ષ્ય -**

૧. માંસ. ૨. મદિરા. ૩. માખણ. ૪. મધ. ૫. ઉંબરના ફળ. ૬. વડના ટેટા. ૭. કોઠીબડાં. ૮. પીપળાની પીપડી. ૯. પીપળાના ટેટા. ૧૦. બરફ. ૧૧. અફીણ વગેરે ઝેર. ૧૨. કરા. ૧૩. કાચી માટી. ૧૪. રાત્રી ભોજન. ૧૫. બહુબીજ-રીંગણા. ખસખસ વગેરે. ૧૬. બોળ અથાણું- તડકામાં બરાબર સુકાવ્યા વગરના અથાણા તે બોળ અથાણા (કાચા આથેલા મરચા વગેરે ત્રણ જ દિવસ કલ્પે પછી અભક્ષ્ય) ૧૭. દ્વિદળ કાચા (ગરમ ન કરેલ) દુધ, દહીં કે છાસ સાથે કઠોળ ખાવાથી દ્વિદળ થાય છે. ૧૮. અજાણ્યા ફળ. ૧૯. રીંગણા. ૨૦. તુચ્છ ફળ જેમાં ખાવાનું ઓછું હોય ફેંકવાનું વધારે હોય સીતા ફળ. બોર, વગેરે ૨૧. ચલિત રસ જેનો સ્વાદ બદલાઇ જાય અથવા વાસ આવવા માંડે તે ખાદ્ય પદાર્થ. ૨૨. અનંતકાય જેના સુઇના અગ્રભાગ જેટલા ભાગમાં અનંત જીવ હોય છે.

**૩. આવા અનંતકાય બત્રીસ છે તે નીચે પ્રમાણે છે-**

૧. સુરણ. ૨. લસણ. ૩. લીલી હળદર. ૪. બટાટા. ૫. લીલો કચુરો. ૬. શતાવરી. ૭. હીરલી કંદ. ૮. કુંવર. ૯. થોર. ૧૦. ગળો. ૧૧. ચક્કરીયાં. ૧૨. વંશકારેલાં. ૧૩. ગાજર. ૧૪. લુણી. ૧૫. લોઢી. ૧૬. ગિરિકર્ણિકા. ૧૭. કુવળા પાંદડા. ૧૮. ખરસૈયા. ૧૯. થેકની ભાજી. ૨૦. લીલીમોથ. ૨૧. લુલીના ઝાડની મોથ. ૨૨. ખીલોડા. ૨૩. અમૃતવેલ. ૨૪. મૂળા. ૨૫. ભૂમિફોડા. ૨૬. નવા અંકુરા. ૨૭. વથુલાની ભાજી. ૨૮. સુવેરવેલ. ૨૯. પાલખની ભાજી. ૩૦. કુણી આંબલી. ૩૧. રતાળુ. ૩૨. પીંડાળું.

ઉપરોક્ત બત્રીસ અનંતકાયમાંથી કેટલીક વસ્તુઓ આપણા વપરાશમાં ક્યારેય આવતી નથી છતાં

આપણે અજ્ઞાનતાથી એનો ત્યાગ પણ નથી કરી શકતા.

હવે કેટલીક વસ્તુઓ એવી છે જે શિયાળામાં કલ્પે પણ ઉનાળા-ચોમાસામા ન કલ્પે. હવે આપણે એની જાણકારી મેળવીએ.

| વસ્તુનું નામ | શિયાળો<br>કારતક વદ ૧ થી<br>ફાગણ સુદ પુનમ | ઉનાળો<br>ફાગણ વદ ૧ થી<br>આષાઢ સુદ પુનમ | ચોમાસો<br>આષાઢ વદ ૧ થી<br>કારતક સુદ પુનમ |
|---|---|---|---|
| ઉકાળેલું પાણી | ૧૨ કલાક | ૧૫ કલાક | ૯ કલાક |
| પાલેભાજી,<br>મેથી-કોથમરી વગેરે | વપરાય | ન વપરાય | ન વપરાય |
| મિષ્ટાન ફરસાણ | ૩૦ દિવસ ચાલે | ૨૦ દિવસ ચાલે | ૧૫ દિવસ ચાલે |
| મેવો કાજુ, બદામ વગેરે | વપરાય | ન વપરાય | ન વપરાય |
| ખારેક-ખજુર<br>ટોપરા-તલ વગેરે | વપરાય | ન વપરાય<br>ઓસાવેલા તલ, ટોપરાનો આખો ગોળ કલ્પે. | ન વપરાય<br>ઓસાવેલા તલ, ટોપરાનો આખો ગોળ કલ્પે. |

તલ-ટોપરા વગેરે શિયાળા પછી ઉનાળા, ચોમાસામાં ન કલ્પે પણ જો ઉકાળેલા પાણીમાં ઓસાવીને (ફાગણ સુદ પુનમ પહેલા) સુકાવી રાખવામાં આવે તો એમાં જીવોત્પત્તિ થતી ન હોવાથી લેવામાં વાંધો આવતો નથી. તેમજ બદામાદિ તેજ દિવસે ફોડીને કાઢવામાં આવે હોય તો બાદ આવતો નથી. ઉપયોગ પૂર્વક વાપરવામાં આવે તોતે કલ્પે છે.

આવા પ્રકારની સુક્ષ્મ જાણકારી આપણને પાપથી બચાવે છે તથા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોનો લાભ લેવામાં સહાયભૂત થાય છે.

ચાલો ! આ જાણકારી દ્વારા આપણા જીવનમાં આહારશુદ્ધિ લાવીને વધુ પવિત્રતા જાળવવા પ્રયત્નશીલ બનીએ...

સાધુને આહારાદિ વહોરાવવાથી લાભ થાય છે... પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે. માટે શ્રાવકે હંમેશા સુપાત્ર દાનની ભાવના ભાવવી જોઇએ. તક મળતા અવશ્ય ઉત્કૃષ્ટ ભાવથી લાભ લેવો જોઇએ. પણ લાભ મેળવવાની જિજ્ઞાસાથી ક્યાંક દોષનું સેવન ન થઇ જાય એની પણ કાળજી રાખવી જોઇએ. ગોચરીની શુદ્ધિમાં લાગતા વિવિધ દોષોમાં શ્રાવકના નિમિત્તથી સાધુને લાગતા સોળ દોષોનું વર્ણન શાસ્ત્રોમાં આવે

છે આ સોળ દોષ સમજીને યથાશક્ય વર્જવા સાચા શ્રાવક શ્રાવિકાઓએ પ્રયત્નશીલ બનવું જોઇએ આ સોળ દોષ નીચે મુજબ છે-

**૧. આધાકર્મી દોષ :**

સાધુના નિમિત્તથી છ કાયના (એટલે પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય) જીવોનો આરંભ કરી, આ જીવોનો ઘાત કરી જીવોને કિલામણા કરી જે આહારાદિ બનાવવામાં આવે તે **''આધાકર્મી દોષ''** કહેવાય...

**૨. ઔદ્દેશિક દોષ :**

પરિવારને માટે બનતી રસોઇમાં સાધુને માટે વધારે રસોઇ બનાવરાવે સાધુ-સાધ્વીજી ભગવંત આવશે તો વોહરાવીશું એમ વિચારીને બનાવરાવે તે **'ઔદ્દેશિક દોષ'** કહેવાય.

**૩. પૂર્તિકર્મ દોષ :**

શુદ્ધ આહારમાં (પોતાના માટે બનાવેલ) એકાદ પણ કણ અથવા અલ્પમાત્ર પણ આધાકર્મી આહાર ભેળવે તો તે આહાર અશુદ્ધ બને તેને **'પૂર્તિકર્મ દોષ'** કહેવાય.

**૪. મિશ્રજાતિ દોષ :**

સાધુ માટે તેમજ પોતાના માટે એમ બન્ને માટે આહાર બનાવે તે **'મિશ્રજાતિ દોષ'** કહેવાય.

**૫. સ્થાપના દોષ :**

ઘરમાં બનાવેલ રસોઇમાંથી સાધુને વહોરાવવાના નિમિત્તથી રસોઇ જાુદી કાઢી રાખે તે **'સ્થાપના દોષ'** કહેવાય.

**૬. પ્રાભૃત્તિક દોષ :**

સાધુનો લાભ મેળવવાની ભાવનાથી અથવા એમને સારી-મિષ્ટાનાદિ વસ્તુઓ વહોરાવવાની ભાવનાથી પરિવારમાં યોજાયેલ શુભ પ્રસંગ-વિવાહાદિની તિથી-તારીખ આગળ પાછળ કરવી તે **'પ્રાભૃત્તિક દોષ'** કહેવાય.

**૭. પ્રાદુષ્કૃત દોષ :**

સાધુના નિમિત્તથી અંધકારમાં રહેલી ચીજ-વસ્તુ-આહારાદિ પ્રકાશમાં લાવીને મુકે તે **''પ્રાદુષ્કૃત દોષ''**કહેવાય.

**૮. ક્રીત અથવા ક્રીડીત દોષ :**

સાધુના નિમિત્તથી બજારમાંથી કોઇ પણ, વસ્તુ વેચાતી લાવે અને સાધુને વહોરાવે તે **'ક્રીત દોષ'** કહેવાય.

**૯. પ્રામિત્ય દોષ :**

સાધુને જોઇતી વસ્તુ પોતાની પાસે ન હોય તો કોઇ પાસેથી ઉધાર લાવને આપે તો **'પ્રામિત્ય દોષ'**

કહેવાય

**૧૦. પારિવર્તિક દોષ :**

બનાવેલ રસોઇમાં થોડો ફેરફાર કરીને વ્યવસ્થિત કરીને વધારે સારી બનાવીને (ઘી વગેરે વધારે ચોપડીને) સાધુને વહોરાવવું તે **'પારિવર્તિક દોષ'** કહેવાય.

**૧૧. અભ્યાગત દોષ :**

પોતાને કોઇ સ્નેહી-સ્વજને આપેલ આહાર સાધુને આપવો, સ્વજન માટે બનાવેલ આહાર, સ્વજને ન લેવાથી સાધુને આપવો અથવા સાધુના ઉપાશ્રયે જઇને સાધુને આહાર આપવો તે **'અભ્યાગત દોષ'** કહેવાય.

**૧૨. ઉભિન્ન દોષ :**

ઘરને તાળુ મારેલું હોય, કબાટાદિને લોક મારેલ હોય અથવા વાસણનું મોઢું બંધ કરેલું હોય એ ખોલીને આહારાદિ સાધુને વહોરાવવો તે **'ઉભિન્ન દોષ '**કહેવાય.

**૧૩. ભૂમિમાલાપહૃત દોષ :**

ભોંયરામાં અથવા માળા ઉપર રાખેલો આહાર નિસરણી આદિ ચઢી-ઉતરીને લાવીને વહોરાવે તે **'ભૂમિમાલાપહૃત દોષ'** કહેવાય.

**૧૪. આચ્છેદ્ય દોષ :**

કોઇની પાસેથી ઝુંટવીને લાવેલી વસ્તુ આહારાદિ સાધુને વહોરાવે તે **'આચ્છેદ્ય દોષ'** કહેવાય.

**૧૫. અનિસૃષ્ટ દોષ :**

અનેક વ્યક્તિઓને માટે બનાવેલ આહારાદિ સ્વામીની રજાથી અથવા રજા વગર સાધુને વહોરાવવામાં આવે તો તે **'અનિસૃષ્ટ દોષ'** કહેવાય.

**૧૬. અધ્યવપૂરક દોષ :**

આજે ગામમાં સાધુ-સાધ્વીજી પધાર્યા છે કદાચ વહોરવા પધારશે એમ માની રસોઇ ચઢાવેલ હોય એમાં ઉકળતા પાણીમાં બીજું કાચું પાણી ઉમેરવામાં આવે તો **'અધ્યવપૂરક દોષ'** કહેવાય.

શાસ્ત્રોમાં બતાવેલ આ દોષમાં આપણે ક્યાંક જાણતા કે અજાણતા ફસાઇ જતા હોઇએ તો આત્મનિરીક્ષણ કરી દોષોને જીવનમાંથી દૂર કરી આપણા જીવનને નિર્મળ બનાવી સાધુ-સાધ્વીજી ભગવંતોના જીવનની પવિત્રતાને જાળવીએ એજ અભિલાષા !

ગોચરી વહોરાવવામાં જેમ શ્રાવકની અજ્ઞાનતાથી કેટલાક દોષ લાગે છે તેમજ સાધુ સાવધાન ન હોય તો પણ સાધુને કેટલાક દોષ લાગે છે... નિશિથ સૂત્રમાં શ્રાવકથી લાગતા સોળ દોષ પછી સાધુથી લાગતા સોળ દોષનું વર્ણન આવે છે જે નીચે મુજબ છે-

**૧. ધાત્રિક દોષ :**

આહાર મેળવવા માટે ગૃહસ્થના બાળકને રમાડે તે **'ધાત્રિક દોષ'** કહેવાય છે.

**૨. દૂતિક દોષ :**

દૂતની જેમ ગામ પરગામના સંદેશા આપીને આહાર લે તે **'દૂતિક દોષ'** કહેવાય છે.

**૩. નિમિત્ત દોષ :**

જ્યોતિષ નિમિત્તાદિ કહીને આહાર લે તે **'નિમિત્ત દોષ'** કહેવાય છે.

**૪. આજીવિકા દોષ :**

આહાર મેળવવા માટે પોતાની જાતિને પ્રકાશે (જણાવે) તે **'આજીવિકા દોષ'** કહેવાય છે.

**૫. વનીપક દોષ :**

આહાર મેળવવા માટે શ્રાવક આગળ દીનતા પ્રગટ કરે તે **'વનીપક દોષ'** કહેવાય

**૬. ચિકિત્સા દોષ :**

આહાર મેળવવા માટે નાડી જોઈને ઔષધાદિ કરે તે **'ચિકિત્સા દોષ'** કહેવાય છે.

**૭. ક્રોધપિંડ દોષ :**

આહાર મેળવવા માટે ક્રોધ કરીને આહાર લે તે **'ક્રોધ પિંડ દોષ'** કહેવાય છે.

**૮. માનપિંડ દોષ :**

આહાર મેળવવા માટે ગૃહસ્થનું માન રાખે તે **'માન પિંડ દોષ'** કહેવાય છે.

**૯. માયાપિંડ દોષ :**

આહાર મેળવવા માટે રૂપ પરિવર્તનાદિ કરે તે **'માયાપિંડ દોષ'** કહેવાય છે.

**૧૦. લોભપિંડ દોષ :**

લોભથી જરૂરીયાત કરતાં વધારે આહારાદિ લે તે **'લોભપિંડ દોષ'** કહેવાય છે.

**૧૧. પૂર્વપશ્ચાત સંસ્તવ દોષ :**

આહારને અથવા આહાર વહોરાવનાર દાતાને આહાર લીધા પહેલા અથવા પછી વખાણે તે **'પૂર્વ પશ્ચિમ સંસ્તવ દોષ'** કહેવાય છે.

**૧૨. વિદ્યાપિંડ દોષ :**

આહાર મેળવવાને માટે મંત્ર-તંત્રાદિકે દેવ-દેવીની આરાધના કરે તે **'વિદ્યાપિંડ દોષ'** કહેવાય છે.

**૧૩. મંત્રપિંડ દોષ :**

આહાર મેળવવાને માટે કામ-વશીકરણાદી મંત્રોપયોગ કહે અથવા કરે તે **'મંત્રપિંડ દોષ'** કહેવાય છે.

**૧૪. ચૂર્ણપિંડ દોષ :**

આહાર મેળવવા માટે ઔષધાદિ ભેળવીને ચૂર્ણાદિ કરી આપે તે **'ચૂર્ણપિંડ દોષ'** કહેવાય છે.

**૧૫. યોગપિંડ દોષ :**

પાદપ્રલેપાદિક ચમત્કારો દેખાડી લોકોનું રંજન કરી આહાર મેળવે તે **'યોગપિંડ દોષ'** કહેવાય છે. તથા...

**૧૬. મૂલકર્મ દોષ :**

આહાર મેળવવા માટે ગર્ભ ઉપજવાના, ગર્ભપાતના, શાંતિકર્મ વગેરેના ઉપાયો બતાવે તે **'મૂલકર્મ દોષ'** કહેવાય છે.

સંયમની આરાધના સુખરૂપ ચાલે... આત્માની સમાધિ ટકી રહે એ માટે શાસ્ત્રોએ સાધુને વિધિપૂર્વક આહાર ગ્રહણ કરવાની વાત કહી છે આજ વિધિ ગોચરીના નામથી પ્રસિદ્ધ છે. આપણે પૂર્વે શ્રાવક તથા સાધુ જાગૃત ન હોય તો લાગતા ગોચરીના ૧૬+ ૧૬ (કુલ ૩૨) દોષોની વાત સમજવાનો પ્રયત્ન કર્યો. હવે અહીં બન્નેથી સાથે લાગતા દસ દોષોનું વર્ણન કરવામાં આવે છે.

**(૧) શંકિત દોષ –** આહાર વહોરતી વખતે દોષની શંકા થયા છતાં ધ્યાન આપ્યા વગર આહાર ગ્રહણ કરે તો તે **'શંકિત દોષ'** કહેવાય છે.

**(૨) મૃક્ષિત દોષ –** અભક્ષ્ય, અકલ્પ્ય, અયોગ્ય વસ્તુ જે લેવી સાધુને કલ્પે નહી તે ગ્રહણ કરે તો **'મૃક્ષિત દોષ'** કહેવાય છે.

**(૩) નિક્ષિપ્ત દોષ –** માટી, પાણી, સચિત ધાન્યાદિના સંઘટ્ટે (સ્પર્શ કરીને) રહેલી અચિત વસ્તુ સ્વીકારે તો **'નિક્ષિપ્ત દોષ'** કહેવાય છે.

**(૪) પિહિત દોષ –** અચિત્ત અને સચિત્તના આધારે શાસ્ત્રમાં ચતુર્ભંગી કહેલ છે. (ચારભાંગા / શક્યતાઓ)૧. સચિત્ત વસ્તુ સચિત્તથી ઢાંકેલી હોય. ૨. અચિત્ત વસ્તુ સચિત્તથી ઢાંકેલી હોય. ૩. સચિત્ત વસ્તુ અચિત્તથી ઢાંકેલી હોય અને ૪. અચિત્ત વસ્તુ અચિત્તથી ઢાંકેલી હોય.

ઉપરોક્ત ચાર ભાંગામાં પ્રથમ ત્રણ ભાંગા અશુદ્ધ છે. તેવી વસ્તુ લેવી સાધુને ન કલ્પે. જો સાધુ ઉપરોક્ત ત્રણ ભાંગામાની કોઇ વસ્તુ ગ્રહણ કરે તો **'પિહિત દોષ'** લાગે છે.

**(૫) સંહત દોષ :** આહાર આપવાના પાત્રમાં અભક્ષ્ય કે અયોગ્ય વસ્તુ હોય એને બીજા પાત્રમાં કાઢી એજ પાત્રથી (અભક્ષ્યથી ખરડાયેલા) કલ્પ્ય આહારાદિ આપે અને સાધુ ગ્રહણ કરે તો **'સંહત દોષ'** લાગે છે.

**(૬) દાયક દોષ :** આહાર વહોરાવવા અયોગ્ય હોય એવી વ્યક્તિના હાથથી આહાર ગ્રહણ કરે તો **'દાયક દોષ'** લાગે. આહાર આપવા અયોગ્ય વ્યક્તિઓમાં નીચે જણાવેલ વ્યક્તિઓનો સમાવેશ થઇ શકે છે, નપુસંક, ઘરડો, આંધળો, બાળક, બંદીવાન, દળતો, ખાંડતો, લોઢતો, પીં જતો,

જમતો, વલોવતો, બાળકને ધવરાવતી સ્ત્રી, આઠ માસની ગર્ભવતી સ્ત્રી (ફક્ત બેસીને વહોરાવી શકે) અથવા છકાયના આરંભ સમારંભમાં લીન વગેરે.

(૭) **ઉન્મિશ્ર દોષ :** સાધુને વહોરવા યોગ્ય આહારને વહોરવા અયોગ્ય આહારમાં ભેળવીને આપે અને સાધુ લે તો તે **'ઉન્મિશ્ર દોષ'** કહેવાય છે.

(૮) **અપરણિત દોષ –** જે આહારના વર્ણ ગંધ-રસ-સ્પર્શના પરિણામ ન થયા હોય (આહાર બરાબર રંધાયુ ન હોય) કાચું હોય અથવા ઘરમાં એક વ્યક્તિના વહોરાવવાના ભાવ અને બીજાના ન હોય એવું આહાર લેવાથી **'અપરણિત દોષ'** લાગે છે.

(૯) **લેપકૃત દોષ –** આહાર વહોરાવતા પહેલા અથવા પછી હાથ અથવા વહોરાવવાનું પાત્ર ધોઇને સાફ કરે અને સાધુ આહાર ગ્રહણ કરે તો **'લેપકૃત-દોષ'** લાગે છે.

(૧૦) **છર્દિત દોષ –** સાધુને આહાર વહોરાવતી વખતે દુધ-દહી- ઘી-તેલ વગેરેના ટીપા નીચે જમીન ઉપર પાડતા વહોરાવે અથવા અન્ય વસ્તુ નીચે ઢોળતી વહોરાવે અને સાધુ લે તો **'છર્દિત દોષ'** કહેવાય છે.

પૂર્વે જણાવેલ બત્રીસ અને ઉપરોક્ત દસ એમ બધા મળીને ગોચરીના બેંતાલીસ દોષ ટાળવા શ્રાવક અને સાધુએ સાવધાની રાખવી જોઇએ. આવી દોષ રહિત ગોચરી સાધુની આરાધનામાં વૃદ્ધિ કરનારી બને છે. અનેક જીવોને અભયદાન આપનારી બનીને શાસનનો જય જયકાર કરાવે છે.